# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/383 Dt. 01/04/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વાસ્તુશાસ્ત્ર દ્વારા આર્થિક સુખાકારી અને આરોગ્ય માટે માર્ગદર્શન આપતું સત્ર યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ કલાકે વાસ્તુશાસ્ત્ર દ્વારા આર્થિક સુખાકારી અને આરોગ્ય વિષય પર સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રોફેશનલ વાસ્તુ એક્ષ્પર્ટ શ્રી શ્રેયાંશ જોશીએ વાસ્તુશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો, દૈનિક જીવનમાં તેનો ઉપયોગ તેમજ ઘર અને ઓફિસના ગોઠવણમાં કરવાના સરળ ફેરફારો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં વાસ્તુશાસ્ત્રનું મહત્વ વધતું જઈ રહ્યું છે. યોગ્ય રીતે ગોઠવાયેલું રહેણાંક અને કાર્યસ્થળ વ્યક્તિના આરોગ્ય, માનસિક શાંતિ તથા આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રોફેશનલ વાસ્તુ એક્ષ્પર્ટ શ્રી શ્રેયાંશ જોશીએ વાસ્તુશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં ૩૬૦ ડીગ્રીના ઊર્જા ચક્ર, નવ ગ્રહો અને ૧૬ દિશાઓના મહત્વ અંગે વિસ્તૃત સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, દરેક દિશા અને ગ્રહ વિશિષ્ટ પ્રકારની ઊર્જા અને પ્રભાવ ધરાવે છે, જે માનવ જીવનના વિવિધ પાસાઓ જેમ કે આરોગ્ય, આર્થિક સ્થિતિ, માનસિક શાંતિ અને સંબંધો પર અસર કરે છે. યોગ્ય દિશામાં ગોઠવણ અને ઊર્જાનું સંતુલન જાળવવાથી નકારાત્મક પ્રભાવોને ઘટાડીને સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરી શકાય છે.

તેમણે જણાવ્યું હતું કે, યોગ્ય દિશા અને ઊર્જાનો સંતુલન જાળવીને વ્યક્તિ પોતાના જીવનમાં સુખાકારી, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ મેળવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, વાસ્તુના આ સિદ્ધાંતોને સમજપૂર્વક અપનાવવાથી જીવનમાં સમૃદ્ધિ, સ્થિરતા અને સર્વાંગી સુખાકારી પ્રાપ્ત કરવામાં મદદ મળે છે. તેમણે વાસ્તુશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો, દૈનિક જીવનમાં તેનો ઉપયોગ તેમજ ઘર અને ઓફિસના ગોઠવણમાં કરવાના સરળ ફેરફારો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં સંતુલન જાળવવા માટે આવા વિષયો પર જાગૃતિ લાવવી અત્યંત જરૂરી છે.

ચેમ્બરની સ્પિરિચ્યુઅલ અવેકનિંગ કમિટીના ચેરમેન શ્રી સંદીપ ડોબરિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સભ્યો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં વક્તાએ વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.